# શ્રવણ સુખધામ સંસ્થાના મહિલા કર્મયોગીને સન્માનિત કરાયાં

ગાંભોઈ, તા.૧૩
સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં 'અબોલ જીવ બચાવો વિહંગનો વિસામો' અભિયાનના



પ્રણેતા અને શ્રવણ સુખધામ પુનાસણ સંસ્થાના મંત્રી ઈન્દુબેન એસ. પ્રજાપતિની અબોલ જીવ દયા પ્રત્યેની લાગણી, પ્રેમ, દયા અને સેવા જોઈ આર.સી. ગૃપ અમદાવાદ અને થાર કંપનીના મેનેજીંગ ડાયરેકટર નરેશભાઈ પ્રજાપતિ-ભામાશા દ્વારા સન્માન પત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતાં. આ પ્રસંગે પ્રજાપતિ સમાજના લોક સાહિત્ય અને હાસ્ય કલાકાર કમલેશ પ્રજાપતિ નેચર કેર એનિમલ ફાઉન્ડેશન અને ધ બુલેટિન બોર્ડના મેમ્બર જીગ્નેશ પ્રજાપતિ આર.સી.ગૃપ અમદાવાદ તરફથી ઉપસ્થિત રહી અબોલ જીવની સેવાકીય પ્રવૃત્તિમાં પોતાનું જીવન સમર્પિત કરી દેનાર ઈન્દુબેન પ્રજાપતિને સન્માન પત્ર અર્પણ કરી સન્માનિત કર્યા હતાં. આ પ્રસંગે શ્રવણ સુખધામ સંસ્થા પ્રો.કો.ઓ.ભાવેશ પ્રજાપતિએ પણ હાસ્ય કલાકાર કમલેશ પ્રજાપતિ અને જીગ્નેશ પ્રજાપતિનું સન્માન કરી આવકાર્યા હતાં. સન્માનપત્રનો સ્વીકાર કરતાં ઈન્દુબેન પ્રજાપતિએ જણાવ્યું હતું કે જ્યાં સુધી શરીરમાં મારો છેલ્લો શ્વાસ હશે ત્યાં સુધી મારું જીવન અબોલ પશુ પક્ષીઓના જીવન માટે સમર્પણ કરેલું છે અને આ સેવા અવિરત પણે ચાલુ રહેશે અત્યાર સુધીમાં 'અબોલ જીવ બચાવો વિહંગનો વિસામો' અભિયાન હેઠળ ૩૦,૭૦૦ થી વધુ પક્ષીઘર અને પાણીના કુંડાઓનું વિતરણ કરવામાં આવેલ છે. સંસ્થા દ્વારા આ સેવા વિનામૂલ્યે અવિરતપણે કરવામાં આવી રહી છે.

# મોડાસા સર્કિટ હાઉસ ખાતે સૌરાષ્ટ્ર ઝોનના અધિકારીની અધ્યક્ષતામાં યોજનાકીય જાણકારી અંગે પત્રકાર પરિષદ

**આઝાદીનાં અમૃત મહોત્સવની ઉજવણી સાથે કેન્દ્ર સરકારની જનકલ્યાણકારી યોજનાઓ વિશે અપાશે માહિતી અને માર્ગદર્શનઃ અરવલ્લી જિલ્લાના શામળાજીના મેળામાં કેન્દ્ર સરકાર દ્વારા એક ભવ્ય લોકસંપર્ક કાર્યક્રમનું આયોજન**

બાયડ તા.૧૩
અરવલ્લી જિલ્લામાં આવેલ પ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી ખાતે ભારત સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા યોજનાકીય જાણકારી અને વિશેષ પ્રચાર-પ્રસાર માટે તા.૧૫ થી ૧૯ દરમિયાન પ્રદર્શન યોજાનાર છે જેમાં લોકોને વધુ માહિતી મળી રહે તે માટે સૌરાષ્ટ્ર ઝોનના અધિકારીશ્રી દેવેન્દ્રભાઈ ત્રિવેદીની અધ્યક્ષતામાં પત્રકાર પરિષદ યોજાઈ.

જેમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી યુવાનોમાં રાષ્ટ્રભાવનાનો સંચાર કરી રહી છે. ત્યારે આ ઉજવણીની સાથે કેન્દ્ર સરકારની વિભિન્ન યોજનાઓની જાણકારી આપતાં વિશેષ કાર્યક્રમનું આયોજન થઈ રહ્યું છે શામળાજીનાં મેળામાં આ શબ્દો હતાં.

ફિલ્ડ આઉટરીચ




બ્યુરો,સૌરાષ્ટ્ર ઝોનના અધિકારી શ્રી દેવેન્દ્ર ત્રિવેદીએ વધુ વિગતો આપતા જણાવ્યું કે લોકોને સ્થળ પર જ સચોટ માહિતી મળી રહે તે હેતુથી આ લોકસંપર્ક કાર્યક્રમનું આયોજન રાજ્ય સરકારના જિલ્લા વહીવટી તંત્રના વિવિધ વિભાગોના સહયોગ સાથે કરવામાં આવ્યું છે. ૧૫ નવેમ્બર થી ૧૯ નવેમ્બર પાંચ દિવસ સુધી ચાલનારા આ લોકસંપર્ક કાર્યક્રમમાં પ્રતિદિન વિભિન્ન કાર્યક્રમોની સાથે જિલ્લા વહીવટીતંત્રનાં વિવિધ વિભાગ તરફથી યોજનાકીય માહિતી પ્રદાન કરતાં સ્ટોલ્સની સાથે જાણકારી આપતા વક્તવ્ય સહિતના કાર્યક્રમોનું પણ આયોજન હાથ ધરાયું છે. વધુંમાં તેમણે કહ્યું કે લોકભોગ્ય અને મનોરંજક સાંસ્કૃતિક કાર્યક્રમો તથા વિવિધ સ્પર્ધાઓના આયોજન મારફત યોજનાકીય ઉપયોગી માહિતી લોકો સુધી પહોંચાડવાનો તેમજ જન જાગૃતતાનો મુખ્ય ઉદ્દેશ્ય બર લવાશે. તા.૧૫ થી ૧૯ નવેમ્બર દરમિયાન શામળાજી ખાતે યોજાનાર લોકસંપર્ક અભિયાનનો મહત્તમ લાભ લેવા અને લોકોને લાભ અપાવવા પ્રાદેશિક લોકસંપર્ક કાર્યાલય દ્વારા જાહેર વિનંતી કરવામાં આવી છે.

## જન્મદિને વધામણી



બ્રહ્મભટ્ટ પારસ એમ.
ટોરેન્ટ ફાર્મા,
બાયડ, જી. અરવલ્લી



પાર્થ કે.અરોરા
અયોધ્યા નગર
બાયડ જી.અરવલ્લી



નરેશકુમાર એમ.પટેલ
ધનસુરા

# પ્રાંતિજ ખાતે કોંગ્રેસનું સ્નેહ મિલન સંમેલન યોજાયુ

**પ્રાંતિજ તાલુકા-શહેર કાર્યકરોનુ સ્નેહ સંમેલન યોજાયુ : જિલ્લા પ્રમુખ સહિત પૂર્વ ધારાસભ્ય આગેવોનો કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાઃ ૧૦ જેટલા યુવાનોએ કોગ્રેસમાં જોડાયા : ઉપસ્થિત મહાનુભાવોએ ભાજપ સરકાર ઉપર મોંઘવારીને લઈ પ્રહારો કર્યા**





પ્રાંતિજ તા.૧૩
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ તાલુકા-શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા વિસ્તૃત કારોબારી તથા નવા વર્ષ ને લઈ ને સ્નેહ સંમેલન કાર્યક્રમ યોજાયા. પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ પાસે આવેલ દશા શ્રીમાડી ની વાડી ખાતે પ્રાંતિજ કોંગ્રેસ તાલુકા અને શહેર સમિતિ દ્વારા વિસ્તૃત કારોબારી તથા નવા વર્ષ ને લઈ ને સ્નેહ સંમેલનનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા પ્રાંતિજ તાલુકા-શહેર સમિતિ ના કોંગ્રેસ ના કાર્યકરો આગેવાનો મોટી સંખ્યા મા ઉપસ્થિત રહ્યા હતા તો ભાજપ સરકાર ઉપર વધતાજતા ભાવો મોંઘવારી ને લઈ ને ચાલુ સરકાર ઉપર પ્રહારો કરવામા આવ્યા હતા તો તાલુકામાંથી વિવિધ ગામોમાંથી ૧૦ જેટલા યુવા કાર્યકરો કોંગ્રેસ મા જોડાયા હતા તો આવનારી ૨૦૨૨ની ચુંટણી મા ઉમેદવાર ગમેતે હોય પણ માત્ર કોંગ્રેસને મત આપી અપાવી વિજયી બનાવવા માટે ઉપસ્થિત આગેવાનો દ્વારા કાર્યકરોને હાકલ કરવામા આવી હતી તો આ પ્રસંગે જિલ્લા પ્રમુખ કમલેશભાઈ પટેલ, જિલ્લા પ્રભારી અને માણસા ના પૂર્વ ધારાસભ્ય બાબુજી ઠાકોર , પ્રાંતિજ-તલોદના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, તાલુકા પ્રમુખ અમરીશભાઈ પટેલ , તાલુકા સદસ્ય રાજ પટેલ સહિત કોંગ્રેસ આગેવાનો કાર્યકરો અને કોંગ્રેસ વિચાર ધારા સાથે સંકળાયેલ લોકો મોટી સંખ્યા મા ઉપસ્થિત રહ્યા હતા અને એકબીજાને નવાવર્ષ ની શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી.

# પ્રાંતિજના બોરીયા ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા વિના મૂલ્યે નેત્ર નિદાન- સારવાર કેમ્પ

પ્રાંતિજ તા.૧૩
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના બોરીયા ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા વર્ષ નો ચોથો



વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો જેમાં બોરીયા ગામ સહિત આજુબાજુમાં રહેતાં દર્દીઓએ લાભ લીધો હતો .

પ્રાંતિજ તાલુકાના બોરીયા ખાતે આવેલ પ્રાથમિક શાળા ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ આયોજિત વર્ષ નો ચોથો વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો જેમાં બોરીયા ગામ સહિત આજુ બાજુમાં રહેતાં ગોમામાથી કુલ-૭૧૦ દર્દીઓએ સેવાનો લાભ લીધો હતો અને ૩૯૦ વ્યક્તિઓને રાહત દરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું જયારે ૮૭ દર્દીઓને ઈડર ખાતે આવેલ આત્મવલ્લભ હોસ્પિટલ ખાતે વિનામુલ્યે ઓપરેશન સહિત દર્દીઓને રહેવા જમવા તથા લાવવા લઈ જવા સુધી ની સગવડ પણ પુરી પાડવામાં આવશે તો સમગ્ર કેમ્પ નું સફળ આયોજન સંસ્થાનાં પ્રોજેકટ ઓફિસર અશોકભાઈ પરમાર કરવામાં આવ્યું હતું તો કેમ્પ ને સફળબનાવવા માટે હોસ્પિટલ ના સ્ટાફ દ્વારા સહિયોગ પુરો પાડવામાં આવ્યો હતો તો શાળા ના આચાર્ય તથા આંખના મદદનીશ ટીમ દ્વારા નોંધનીય કામગીરી કરવામાં આવી હતી.

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**રક્તદાન મહાદાન**

સંકટ સમયમાં સારાં પુસ્તકો વફાદાર મિત્ર જેવાં છે. । શિક્ષિત યુવાઓ રાષ્ટ્રની અનમોલ સંપત્તિ છે.
દિવાળી અને નવું વર્ષ સૌના જીવનમાં પ્રકાશ પાથરે, સૌની મનોકામનાઓ પરીપૂર્ણ થાય તેવી શુભકામના.

એક જ છત્ર હેઠળ તમામ શૈક્ષણિક સંકુલનો કબીર વડ
**"શ્રી એમ. ડી. પટેલ કોલેજ સંકુલ, તખતપુર"**
જનસેવા ચેરીટેબલ ટ્રસ્ટ-તખતપુર સંચાલિત

શ્રી એમ. ડી. પટેલ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ-તખતપુર
શ્રી ડી. કે. પટેલ (ભૂરા) એમ. એડ્. કોલેજ-તખતપુર
બી.એડ્. કોલેજ-તખતપુર
શ્રી એમ. ડી. પટેલ એમ.એસ.ડબલ્યુ. કોલેજ-તખતપુર
શ્રી એમ. ડી. પટેલ ડિપ્લોમા સેનેટરી હેલ્થ ઈન્સ્પેક્ટર કોલેજ-તખતપુર
અરવલ્લી સ્કુલ ઓફ નર્સિંગ-તખપુર
સરદાર પટેલ આઈ.ટી.આઈ.-તખતપુર

સંસ્થાના આદ્યસ્થાપક



સ્વ. ડી. કે. પટેલ (ભુરા સાહેબ)

મેનેજીંગ ટ્રસ્ટી



શ્રી મહેશભાઈ ડી. પટેલ

ડાયરેક્ટર



શ્રી નિરવ એમ. પટેલ

: વિશેષતાઓ :
- અભ્યાસલક્ષી અને ઈતર વાંચનના પુસ્તકો સાથેની લાયબ્રેરી, પ્રયોગશાળા.
- માત્ર અભ્યાસલક્ષી નહીં પરંતુ જીવનલક્ષી શિક્ષણ દ્વારા ઉચ્ચ સંસ્કારો અને જીવન મૂલ્યોનું શિક્ષણ.
- સંપૂર્ણ સંકુલ સી.સી.ટીવી કેમેરાથી સજ્જ.
- યુનિ. પરિણામમાં સતત અગ્રેસર.

તખતપુર, તા. માલપુર, જિ. અરવલ્લી



દેશનો વિકાસ સર્વ શ્રેષ્ઠ શિક્ષણ થકી.
ઉજાસ નવી પ્રભાનો, ઉમંગ નવી આશાનો, ઉલ્લાસ નવા આરંભનો,
એક નવા અભિગમ સાથે સ્વાગત કરીએ છીએ એક નવા વર્ષનો.

શ્રી એસ. વી. ટી. બી.એડ્. કોલેજ, ઉજળેશ્વર
શ્રી એસ. વી. ટી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઉજળેશ્વર
કોમર્સ (ગુજરાતી, અંગ્રેજી માધ્યમ)
શ્રી એસ. વી. ટી. નર્સિંગ કોલેજ, ઉજળેશ્વર
શ્રી એસ. વી. ટી. સેનેટરી ઈન્સ્પેક્ટર કોલેજ, ઉજળેશ્વર
શ્રી એસ. વી. ટી. પી.જી.ડી.સી.એ. કોલેજ, ઉજળેશ્વર

શિક્ષણ પરિણામ શ્રેષ્ઠ ઘડતર સંચાલન
વાતાવરણ



:: સુવિધાઓ ::
-: હાઈટેક કોમ્પ્યુટર લેબ, વિજ્ઞાન લેબ, ઓડીટોરીયમ.
-: નેક ટીમના ઈન્સ્પેક્શનમાં પ્રભાવી દેખાવ.
-: સતત અભ્યાસું માર્ગદર્શનના કારણે યુનિ.ના પરિણામાં દર વર્ષે અગ્રેસર.
-: છેલ્લા ૫ દાયકાથી શિક્ષણક્ષેત્રે સંકળાયેલું અનુભવી મેનેજમેન્ટ.

સદાય ઝળહળતું કોલેજનું યુનિ. પરિણામ.. સળંગ ૧૦મા વર્ષે કોલેજનું ૧૦૦ ટકા પરિણામ

યુવા નેતૃત્વ



શ્રી જાહીદભાઈ એમ. મિરઝાં
ડાયરેક્ટર

માર્ગદર્શક



શ્રી એમ. કે. મિરઝાં
સંચાલક

માર્ગદર્શક



શ્રી એમ. એન. પટેલ
ડાયરેક્ટર

શ્રી આદર્શ વિદ્યા વિહાર
ઉજળેશ્વર



શુભેચ્છક..
શ્રી એસ. વી. ટી. કોલેજ કેમ્પસ-ઉજળેશ્વર
મોડાસા-કપડવંજ સ્ટેટ હાઈવે
ઉજળેશ્વર, તા. ધનસુરા, જિ. અરવલ્લી